ક્રમાંક:રાપબો/TET/૨૦૨૩/4740-48

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા.,
સરકારી પુસ્તકાલય સામે
સેકટર-૨૧, ગાંધીનગર,
તારીખ:15/૦૪/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, વડોદરા, રાજકોટ, સુરત, ગાંધીનગર, જુનાગઢ, ભાવનગર અને જામનગર.

**વિષય : શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I) અને શિક્ષક યોગ્યતા કસોટી-II(TET-II)-૨૦૨૨-૨૩ની પરીક્ષા માટે ઉમેદવારને વળતર સમય(વધારાનો સમય) આપવા બાબત.**

**સંદર્ભ: (૧) અત્રેની કચેરીના તા.૧/૪/૨૦૨૩ના પત્ર ક્રમાંક:રાપબો/TET-I/૨૦૨૩/૪૨૭૬-૪૩૧૦.**
**(૨) અત્રેની કચેરીના તા.૧૧/૦૪/૨૦૨૩ના પત્ર ક્રમાંક:રાપબો/TET-II/૨૦૨૩/૪૪૧૬-૫૦.**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્રો અન્વયે જણાવવાનું કે, અત્રેની કચેરી દ્વારા શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I)-૨૦૨૨-૨૩ પરીક્ષા **તા:૧૬/૦૪/૨૦૨૩(રવિવાર)**ના રોજ અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, વડોદરા, રાજકોટ અને સુરત ખાતે યોજવામાં આવનાર છે. તેમજ શિક્ષક યોગ્યતા કસોટી-II (TET-II)-૨૦૨૨-૨૩ પરીક્ષા **તા:૨૩/૦૪/૨૦૨૩(રવિવાર)**ના રોજ અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, વડોદરા, રાજકોટ, સુરત, ગાંધીનગર, જુનાગઢ, ભાવનગર અને જામનગર ખાતે યોજવામાં આવનાર છે.

અત્રેની કચેરીના સંદર્ભ-૧ અને સંદર્ભ-૨ના પત્રથી અંધ દિવ્યાંગતા ધરાવતા પરીક્ષાર્થીઓના કિસ્સામાં પરીક્ષાનો સમય વીસ મિનિટ વધારે આપવો તેમ જણાવેલ છે. જેમા ઉમેદવારોની રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબ સુધારો કરવામાં આવે છે. જે ધ્યાને લેવા વિનંતી.

**અંધ(Banchmark Disabilities)/લખી ન શકે તેવા દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો કે જે નિયત સર્ટીફીકેટ ધરાવે છે અને લહીયાની વ્યવસ્થા આપવામાં આવેલ છે તેવા ઉમેદવારો માટે શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I)-૨૦૨૨-૨૩ પરીક્ષામાં ૩૦ મીનીટ વળતર(વધારાનો) સમય અને શિક્ષક યોગ્યતા કસોટી-II (TET-II)-૨૦૨૨-૨૩ પરીક્ષામાં ૪૦ મીનીટ વળતર(વધારાનો) સમય આપવાનો રહેશે.**

MGUm
સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર